અપીલ અરજી નં.૬૮૫ તા.૧૨–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢી
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–કતારગામઝોન
ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સ્લમ અપગ્રેડેશન સેલ

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢીની તા. ૧૦–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) હમો લાભાર્થીને ફાળવવામાં આવેલ કોસાડ ખાતેના આવાસનું અરજી ફોર્મ નં. ૨૧૭૫૦ આપની કચેરીમાં જે તે સમયે જરૂરી પુરાવા સાથે જમા કરાવેલ છે જે અરજી ફોર્મ આપની કચેરીમાં કયા કારણોસર પેન્ડીંગ રાખેલ છે તથા હમોનું નામ આવાસના ડ્રોમાં આવેલ છે તો હમોનું નામ ડ્રોના લીસ્ટમાં હોવા છતાં કયા કારણોસર હમોને ડીપોઝીટના નાણાં તથા આવાસ ફાળવવામાં વિલંબ કરાઈ છે તે બાબતની તમામ વિગતો લેખિત નકલમાં માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૫/૨૦૧૧–૧૨

શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢીની તા. ૧૦–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) હમો લાભાર્થીને ફાળવવામાં આવેલ કોસાડ ખાતેના આવાસનું અરજી ફોર્મ નં. ૨૧૭૫૦ આપની કચેરીમાં જે તે સમયે જરૂરી પુરાવા સાથે જમા કરાવેલ છે જે અરજી ફોર્મ આપની કચેરીમાં કયા કારણોસર પેન્ડીંગ રાખેલ છે તથા હમોનું નામ આવાસના ડ્રોમાં આવેલ છે તો હમોનું નામ ડ્રોના લીસ્ટમાં હોવા છતાં કયા કારણોસર હમોને ડીપોઝીટના નાણાં તથા આવાસ ફાળવવામાં વિલંબ કરાઈ છે તે બાબતની તમામ વિગતો લેખિત નકલમાં માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૩૬ તા. ૨૦–૩–૧૨થી તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોન અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી સ્પષ્ટ કરવા તથા મૂળ અરજી, બીપીએલ કાર્ડ/ ફી ભર્યાની વિગત જણાવેલ ન હોય તે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં. એસયુસી/આઉટ નં./૧૭ તા. ૨–૪–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ તથા તેમાં ફી ભર્યાની વિગત જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. એન.ઝેડ/આઉટ નં./૧૧ તા. ૫–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, નિયત સમય અવધિમાં અરજદારને આપેલ માહિતીના પત્ર નં. નોર્થ ઝોન/આઉટ નં./૮૬૪૯ તા. ૭–૩–૧૨ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૦–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) હમો લાભાર્થીને ફાળવવામાં આવેલ કોસાડ ખાતેના આવાસનું અરજી ફોર્મ નં. ૨૧૭૫૦ આપની કચેરીમાં જે તે સમયે જરૂરી પુરાવા સાથે જમા કરાવેલ છે જે અરજી ફોર્મ આપની કચેરીમાં કયા કારણોસર પેન્ડીંગ રાખેલ છે તથા હમોનું નામ આવાસના ડ્રોમાં આવેલ છે તો હમોનું નામ ડ્રોના લીસ્ટમાં હોવા છતાં કયા કારણોસર હમોને ડીપોઝીટના નાણાં તથા આવાસ ફાળવવામાં વિલંબ કરાઈ છે તે બાબતની તમામ વિગતો લેખિત નકલમાં માહિતી આપવા વિનંતી. તેવી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ/૮૬૪૯ તા. ૭–૩–૧૨થી નિયત સમય અવધિમાં " તેઓની અરજી અન્વયે જણાવવાનું કે ફોર્મ નં. ૨૧૭૫૦, બાયોમેટ્રીક સર્વે નં. એન–૪૫, એચ.આઈ.એન. નં. ૪૧ વાળુ અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાના નીતિનિયમો મુજબ દફતરે કરવામાં આવેલ છે. " તેવું જણાવેલ. આમ અરજદારને નિયત સમય અવધિમાં કતારગામઝોન તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારના ડીપોઝીટના નાણા બાબત કાર્યવાહીને લગતી હોય અરજદાર ડીપોઝીટ ભર્યાના પુરાવા સાથ

સક્ષમ સત્તાને રજુઆત કરી શકે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં. એસયુસી/આઉટ/૧૭ તા. ૨–૪–૧૨થી આપવામાં આવેલ પૂરક વિગતોમાં જણાવેલ છે કે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન વિભાગમાં અરજી તબદીલ થઈ આવેલ નથી. વધુમાં જણાવવાનું કે સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને અરજીપત્રકો વિતરણ કરવાની કામગીરી તથા ભરાઈને આવેલ અરજીપત્રક સ્વીકારી, મંજુર ગાઈડલાઈન મુજબ અરજીપત્રકો/ પુરાવાની ચકાસણી ઝોન કક્ષાએથી થાય છે. ઝોન તરફથી ચકાસણી થયેલ અરજીપત્રકોની માન્યયાદી સ્લમ અપગ્રેડેશન વિભાગમાં મોકલ્યેથી ડ્રોની કાર્યવાહી કરવામાં આવે છે. આમ અરજદારશ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ  પાઢીની તા. ૧૦–૨–૧૨ની અરજીમાં જણાવેલ બાબત સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતી ન હોય, આ બાબતે સ્લમ અપગ્રેડેશન વિભાગમાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૦૨–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જયારે અરજદારે ડીપોઝીટના નાણા વિલંબ કરાઈ રહેલ હોવાની બાબત કાર્યવાહીને લગતી હોય અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૬–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–કતારગામઝોન, ડે.કમિ.અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સ્લમ અપગ્રેડેશન સેલ.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢી,